અરવલ્લી : લૂંટેરી દુલ્હનનો વધુ એક 'શિકાર'...

લગ્નના દસ દિવસમાં યુવતી રફુચક્કર : ઉભરાણના લગ્નવાંછુક યુવાન સાથે ૧.૭૫ લાખ પડાવી 'છૂ'...

મોડાસા, તા. ૨૧

લગ્નવાંછુક યુવકો અને તેમના પરિવારજનોને શીકાર બનાવતી લૂંટારી દુલ્હનની અનેક ગેંગ રાજ્યમાં સક્રીય છે લગ્નવાંછુક યુવક અને તેમના પરિવારજનોને લૂંટી રહી હોવાની ઘટનાઓ સતત બની રહી છે લગ્નનું નાટક કરી લગ્નવાંચ્છુક યુવક સાથે લાખ્ખો રૂપિયા

અને સોના-ચાંદીના દાગીના લઈ ફરાર થઈ જતા યુવકો માટે લગ્ને લગ્ન કુંવારા જેવો ઘાટ સર્જાવાની સાથે નાનાં ગુમાવવાનો વારો આવે છે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના ઉભારણ ગામના જયેશ જશુભાઈ પટેલ નામના ઉપ વર્ષીય યુવક લૂંટેરી દુલ્હન ગેંગનો શીકાર બન્યો છે જેમાં અંજલી ઉર્ફે ભગવતી ઉર્ફે ભાગ્યવતી નામની દુલ્હન અને તેની ગેંગે યુવક સાથે લગ્ન કરવાનું તરકટ રચી યુવક સાથે લગ્ન કરી ૧.૭૫ લાખ પડાવી દસ દિવસમાં ફરાર થઈ જતા યુવકે લૂંટેરી દુલ્હન સહીત ત્રણ સામે માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે લૂંટેરી દુલહન અને તેની ગેંગે રાજ્યમાં ૧૦ જેટલા લગ્નવાંચ્છુક યુવકોને લૂંટી લીધા હોવાનું જયેશ પટેલે જણાવ્યું હતું.

માલપુર તાલુકાના ઉભરાણ ગામે રહેતા ઉપ વર્ષીય જયેશ જશુભાઈ પટેલ નામના યુવક લગ્નથી વંચીત રહેતા લગ્ન માટે યોગ્ય છોકરીની શોધખોળમાં હતા ત્યારે અમદાવાદની શારદા શર્મા નામની મહિલા લગ્નવાંચ્છુક યુવકોને લગ્ન કરાવી અપાતી હોવાની માહિતી મળતા શારદા શર્માનો ટેલીફોનીક સંપર્ક કરતા શારદા શર્મા બાયડ પહોંચી યુવક અને તેના પરિવારજનો સાથે ભાગ્યવતી નામની યુવતી બતાવી હતી અને યુવક અને તેના પરિવારજનો યુવતી પસંદ આવતા લગ્ન નક્કી કરવામાં આવ્યા હતા અને લગ્ન માટે નોટરી કરાવવા જતા યુવતીનું આધારકાર્ડ નંબર ન ખુલતા વકીલે નોટરી કરી આપી નહતી તેમ છતાં લગ્નવાંચ્છુક યુવક અને તેના પરિવારજનો વિશ્વાસમાં આવી જઈ ૧.૫૦ લાખ રોકડા શારદા શર્મા અને અનીલ ગોહીલ નામના વ્યક્તીને આપ્યા હતા અને યુવક લૂંટેરી દુલહન ભગવતીને લઈને ઘરે પહોંચ્યો હતો યુવક અને તેના પરિવારજનોનો ઉત્સાહ સમાતો ન હતો ત્યારે આયોજનબદ્ધ નક્કી થયેલ પ્લાન મુજબ લૂંટેરી દુલહનની માતા ધનુ બહેને લગ્ન સુખરૂપ પૂર્ણ થવાની માતાજીની બાધા રાખી હોવાનું જણાવી અમદાવાદ મોકલાવ ફોન કરતા વિશ્વાસમાં આવી ગયેલ યુવક અને તેના પરિવારજનોએ હા કહેતા શારદા શર્મા અને અનિલ ગોહીલ રિક્ષામાં ઉભરાણ પહોંચી બાધા માટે વધુ ૨૫ હજાર યુવક પાસેથી પડાવી રિક્ષામાં લૂંટેરી દુલ્હન સાથે ફરાર થઈ ગયા હતા થોડો સમય પછી જયેશ ભાઈએ તેમની પત્ની ભગવતી ને ઉભરાણ મોકલવાનું જણાવતા ગલ્લા-તલ્લાં કર્યા બાદ યુવકનો ફોન ઉપાડવાનું બંધ કરી બ્લેક લિસ્ટમાં નાખી દીધો હતો આખરે યુવક અને તેના પરિવારને લૂંટેરી દુલ્હન ગેંગનો શિકાર બન્યા હોવાનો અહેસાસ થતા સમગ્ર મામલો માલપુર પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો.

માલપુર પોલીસે ઉભારણ ગામના જયેશભાઈ જશુંભાઈ પટેલની ફરિયાદના આધારે ૧) અંજલી ઉર્ફે ભાગ્યવતી પ્રકાશસિંહ વાઘેલા, ૨) હંસાબેન ઉર્ફે ધનુ ઉર્ફે નેહાબેન પ્રકાશસિંહ વાઘેલા (બંને, રહે છારાનગર, કુબેરનગર-અમદવાદ) અને અનિરુદ્ધસિંહ ઉર્ફે મુન્નો ખુમાનસિંહ ગોહીલ (રહે, ઉખારાલા, તા-ઘોઘા, ભાવનગર) વિરુદ્ધ ફરિયાદ નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

તમિલનાડુને ગવર્નર આપનાર અનોખું ગાબટ સ્ટેટ, અનેક રત્નોએ વિદેશમાં ગૌરવ વધાર્યું

ગામના કોદરદાસ કાલીદાસ શાહ વર્ષ-૧૯૭૧માં તમિલનાડુના ગવર્નર બન્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૨૧

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ગાબટનો ગૌરવવંતો ઈતિહાસ છે. નવીપેઢી તેનાથી અજાણ હશે પરંતુ ૭૦થી ઉપરના બુઝર્ગો માટે ગાબટ સ્ટેટ નામ પડે એટલે તેનો ઉજળો ઈતિહાસ નજર સમક્ષ આવી

જાય. મહીકાંઠા એજન્સી રજવાડા સ્ટેટ ગાબટ સ્ટેટનો અનોખો ઈતિહાસ રહ્યો છે. જે તે સમયે સ્ટેટમાં ગાબટનો તાલુકો નામથી ઓળખ થતી. તેના રાજ્ય કર્તા મકવાણા(ઝાલા) રાજપૂત છે. અને તેઓના રાજવીને સમય જતાં ઠાકોર સાહેબ કહેવાયા. ગાબટ ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના ઉત્તર-પૂર્વ ભાગમાં આવેલ હાલના અરવલ્લી જિલ્લામાં આવેલ કુલ-૬ તાલુકા પૈકીના બાયડ તાલુકામાં આવેલું છે. તમિલનાડુને ગૌરવ આપનારૂ અનોખું ગાબટ સ્ટેટ આજે પણ દેશ અને દુનિયામાં જાણીતું છે. ગાબટ ગામના કોદરદાસ કાલીદાસ શાહ(કે.કે.શાહ) તમિલનાડુ રાજ્યના ૧૯૭૧ થી ૧૯૭૬ દરમ્યાન ગવર્નર રહ્યા. એ જ રીતે ગાબટની દિકરી સોનલ શાહ અમેરીકાના પૂર્વ પ્રમુખ બરાક ઓબામાના સલાહકાર રહી ચૂક્યા છે.

વર્ષો પહેલાંનો આ ઈતિહાસ છે આ વિસ્તારને વાત્રકકાંઠો તરીકે પંથકમાં ઓળખાતો જેનો વિસ્તાર ૧૦ ચોરસમાઈલ જમીનનો જેમાં ૧૩ ગામ અને ૬૦૪ માણસની વસતી હતી. વાર્ષિક પેદાશ રૂા.૧૮૪૬-૦-૦ને સુમારે થાય છે તેમાંથી રૂા.૪૬-૧-૦ ઈડર મહારાજાને દર સાલ ભરવામાં આવતી. બાજરી, કોદરો, બાવટો, તલ અને બીજું કઠોળ જમીનમાં પાકતું હતું. ગાબટ સ્ટેટમાં રાજપૂત સિવાય બ્રાહ્મણ, વાણીયા, પટેલ, ઠાકોર અને મુસ્લિમ લોકોનો વસવાટ ગાબટ અને ધરમડીમાં તે સમયે થોડા વાણિયા પણ વસતા તેઓ ગુજરાતી બોલી બોલતા. મુખ્ય ગામ ગાબટ જેને રાજધાનીનું ગામ તરીકે ઓળખાતું આ તાલુકાનું મુખ્ય ગામ ગાબટ ઈડર રાજ્યની હકુમત નીચે આવતું અને તાલુકાની જ્યુડીશીયલ કામ માટે મુખ્ય ગામ ધરમડી ગણાતું. પરિવારે આલેખેલા ઈતિહાસમાં જણાવ્યું કે ગાબટ તાલુકો સંપાદન કરતા મૂળ પુરૂષ મહેરૂસિંહજી પછી ૧૫ પેઢીએ ઠાકોર સાહેબ હરીસિંહજી ગાદીએ બેઠા એમને વજેસિંહજી નામે એક કુંવર જન્મ ઈ.સ.૧૯૭૪ના જાન્યુઆરી માસની ૧૮મી તારીખે થયો. એમના પિતા ઠાકોર સાહેબ હરીસિંહજી સંવત ૧૯૨૪ના આસોવદી-૬ ના રોજ અવસાન પામ્યા ત્યારે કુંવરવજેસિંહ ગાદીએ બેઠા પરંતુ તે સમયે સગીર ઉંમર હોવાથી કામકાજની જોઈતી માહિતી નહીં હોવાના કારણે તેમને રાજ્ય પ્રકારણનું જ્ઞાન આપવા મહીકાંઠાના આસીસ્ટન્ટ પોલીટીકીલ એજન્ટની દેખરેખમાં રાખ્યા તેઓ લાયક ઉંમરના થઈ રાજ્યના કામમાં થયા ત્યારે તેમને ગાદીએ બેસાડવામાં આવ્યા પરંતુ ૨૭ વર્ષની ભરયુવાનીએ તેઓનું દુઃખદ અવસાન થયું. ગાદીના વારસામાં મર્હુમ

ઠાકોર સાહેબ વજેસિંહજીના કાકા અમરસિંહજીને સરકારે ગાદીના વારસ ઠરાવી ઈ.સ.૧૮૯૮ના માર્ચ માસની ૧૭મી તારીખે તેમને તાલુકાની ગાદીએ બેસાડ્યા અને ત્યારથી તેઓ ગાબટ રાજ્યના ઠાકોર સાહેબશ્રી થયા. ઠાકોર સાહેબ અમરસિંહના હસ્તક તાલુકાની સુપ્રત થયા બાદ કેટલાક કારણોસર તા.૧૯ ઑગષ્ટ સને.૧૯૦૧ના સરકારી ઠરાવના આધારે તેમનો તાલુકો એજન્સી મેનેજમેન્ટમાં લેવામાં આવ્યો બાદમાં મોતીસિંહજીના કુંવર રૂપસિંહજીએ સગીર ઉંમરના હોવાથી તાલુકા એજન્સીના મેનેજમેન્ટમાં લેવામાં આવ્યા. તેમને કેળવણી લેવા સાદરા સ્કોટ કોલેજમાં મૂક્યા જ્યાં યોગ્ય કેળવણી લીધા પછી ઉંમરલાયક થયા ત્યારે ૧૯-૧૦-૧૯૫૧ના રોજ ગાબટમાં ભવ્ય કાર્યક્રમ યોજાયો તેઓ વધુ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયા. તેઓના બાદમાં ઠાકોર સાહેબ દલપસિંહજી ગાદીએ બેઠા જેનો ૧૯૪૭માં ગાબટ સ્ટેટના છેલ્લા રાજવીર હતા. બાદમાં ઠાકોર સાહેબ રણજીતસિંહ ગાદીએ બેઠા અને તેમનું ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૭માં અવસાન થતાં અત્યારે હાલમાં ઠાકોર સાહેબ દેવેન્દ્રસિંહ હયાત છે. ગાબટ સ્ટેટના ભાયાત ગામમાં હરીસિંહજીના ભાઈ હીરસિંહના વંશજો જીતપુર, બાદરપુરા, ભાઈપુરામાં વસે છે. એક સમય હતો ગાબટ સ્ટેટનો પરંતુ હવે સમય ઘણો બદલાયો છે. હવે તો ગાબટ ગામ જ પોતાના ઉજળા ભૂતકાળને સાચવવા સતત પ્રયત્ન કરી રહ્યું છે.

બાયડ-માલપુરના પૂર્વ ધારાસભ્ય પિતા-પુત્રએ કોરોના રસી મૂકાવી

સિનિયર સિટીઝનોને કોઈપણ પ્રકારના ડર વગર રસી મૂકાવવા અનુરોધ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

ક્રિકેટ થી માંડી રાજકારણમાં પણ બાપ-બેટાની જોડીઓ બહુ પ્રચલિત બનેલી છે. ત્યારે માલપુરના ધારાસભ્ય તરીકે દોઢ દાયકા અગાઉ ચૂંટાયેલા નરેન્દ્રસિંહ ઝાલા અને વર્ષ-૨૦૧૭માં બાયડ વિધાનસભા બેઠક ઉપર ચૂંટાયેલા તેમના પુત્ર ધવલસિંહ ઝાલા હાલ પૂર્વ ધારાસભ્યની શ્રેણીમાં મૂકાઈ ગયા છે તેઓએ ગત રોજ કોરોના રસી મૂકાવી હતી અને અરવલ્લી જિલ્લાના સિનિયર સિટીઝનોને કોઈપણ પ્રકારના ડર વગર કોરોનાની રસી મૂકાવવા અનુરોધ કર્યો છે.

કોરોનાનો ડર ફરીથી હાવિ થઈ ગયો છે બીજી લહેરમાં અરવલ્લી જિલ્લામાં ચિત્ર બિહામણું હોવાના અંદરખાને આંકડાઓ છે. આરોગ્ય વિભાગ સબસલામતની આલબેલ પોકારતું હોવા છતાં જે રીતે ધન્વંતરી રથ દોડાવવાની શરૂઆત કરવી પડી તે ઘણું બધું કહી જાય છે. આ બધા વચ્ચે પ્રજાએ સાવધ રહેવાની જરૂર છે. બાયડ-માલપુરના પૂર્વ ધારાસભ્ય પિતા-પુત્ર બેલડીએ કોરોના રસીનો પ્રથમ ડોઝ લીધો અને મત વિસ્તારના તમામ લોકોને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા, માસ્ક પહેરીને બહાર જવા અનુરોધ કર્યો તેમજ કોઈપણ પ્રકારના ડર વગર રસી લેવા માટે આગ્રહપૂર્વક જણાવ્યું છે.

ઈડર શહેરમાં રત્નાગીરીનું આલ્ફાન્ઝો કેરીનું આગમન

ઈડર (બ્યુરો ઓફીસ), તા ૨૧

ઉનાળાની ગરમીમાં ઠંડક આપનાર ફળનો રાજા કેરીનું ઈડર શહેર માં આગમન થવા લાગ્યું છે. મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશ થી મીઠી મધુરી માનતી આલ્ફાન્ઝોની રત્નાગીરી બ્રાન્ડ નું શહેરમાં આગમન થવા મંડયું છે. વલસાડની હાફૂસ, તલાલા, ગીર અને કચ્છની કેસર કેરીઓ હજુ બજાર માં આવતા થોડો સમય લાગશે, ત્યારે હાલતો મહારાષ્ટ્ર ના કોંકણ પ્રદેશ થી આલ્ફાન્ઝો ની રત્નાગીરી નું બજારમાં આગમન થઈ રહ્યું છે, સ્વાદ માં ઉત્તમ માનતી આલ્ફાન્ઝો કેરી મોંઘી આવે છે, સામાન્ય માણસ ને પરવડે તેમ નથી,

ચાલુ વર્ષે કમોસમી વરસાદ કે વાવજોડું ન હોવાથી કેરી નું ઉત્પાદન વધશે
●●●
ડઝન નો ભાવ ૮૦૦ રૂપિયા.મોંઘી પણ સ્વાદમાં મીઠી

તેના આગમનની શરૂઆત હોવાના કારણે ડઝન ના ભાવે રૂપિયા ૮૦૦ની રૂપિયા છે, અત્યારે બજાર માં હજુ હાફૂસ કે અન્ય કોઈ કેરી નું આગમન થયું નથી ત્યારે ઈડર ના રેલવે સ્ટ્રેશન વિસ્તરમાં જલારામ મંદિર પાસે રત્નાગીરી કેરી નું વેચાણ કરનાર ફાર્મ ફ્રેશ એગ્રો ના પ્રહલાદ પટેલ અને અનિલ પટેલ ના જણાવ્યા પ્રમાણે જ્યારે બજાર મા કચ્છ ની કેસર ,હાફૂસ કેરીના આગમન પછી આલ્ફાન્ઝોની રત્નાગીરીના ભાવ ઓછો થશે, હાલ તો બજાર માં આ એકજ જાત હોવાથી ૮૦૦ રૂપિયાના ભાવે વેચાણ કરીએ છીએ, ફરોનો રાજા કેરી બજાર માં આવતા કરીના સ્વાદ રસિકોમાં આનંદ છવાયો છે, જ્યારે આ વર્ષ કેરી માટે સારું છે, હજુ વાવજોડું કે કમોસમી વરસાદ ન થવાથી ઉત્પાદન વધશે, અને સારા એવા પ્રમાણમાં હાફૂસ, કેસર જેવી કેરી ઓ બજારમાં આવશે.

અરવલ્લી જિલ્લાના વિકાસ માટે અવાજ ઉઠાવનારૂ કોઈ નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

નવરચિત અરવલ્લી જિલ્લામાં મેડીકલ કોલેજ શરૂ થાય તે પ્રકારનું સાનુકુળ વાતાવરણ હોવા છતાં છેલ્લા ૪ વર્ષથી નવી મેડીકલ કોલેજ આપવાનો વાયદો ૨૦૨૧ના આરંભમાં પણ અદ્ધરતાલ રહેતાં જિલ્લાના વિકાસ માટે અવાજ ઉઠાવનારૂ કોઈ નથી તેવું ચિત્ર ઉભું થયું છે. નવી મેડીકલ કોલેજ માટે થઈ રહેલી ખેંચતાણમાં ખંધુ રાજકારણ જવાબદાર હોવાનું માની શકાય. કેન્દ્ર સરકાર દ્વારા ગત વર્ષે નવેમ્બર મહિનામાં ગુજરાત રાજ્યના અન્ય જિલ્લાઓમાં નવી મેડીકલ કોલેજ માટેની માન્યતા આપવામાં આવી પરંતુ નવરચિત અરવલ્લી જિલ્લો સરકાર ભૂલ્યું હોય તેવું જણાઈ રહ્યું છે. બાયડ તાલુકાના વાત્રકમાં સરકારી મેડીકલ કોલેજ શરૂ થાય તે માટે શ્રી કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ-વાત્રક દ્વારા ભરપુર પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ વાત્રકને કોઈપણ સંજોગોમાં સરકારી મેડીકલ કોલેજ ન મળે તે માટેના હીતશત્રુઓના પ્રયાસ સફળ રહ્યા. એક તબક્કે તો વાત્રકમાં મેડીકલ કોલેજ સરકાર શરૂ કરે તો દાતાઓ દ્વારા કરોડો રૂપિયાનું દાન આપવાની જાહેરાત થઈ હતી પરંતુ વારંવાર કોલેજ આપવાની પ્રક્રિયામાં રોળાં નાખવામાં આવતાં હોવાથી સ્વાભાવિક જ દાતાઓમાં જિલ્લા વહીવટી તંત્રની ખંધી નીતિ સામે છૂપો આક્રોશ જોવા મળ્યો હતો. વર્ષ-૨૦૦૦-૨૦૦૧ના અરસામાં તે સમયના ભાજપ સરકારના આરોગ્ય મંત્રી અશોક ભટ્ટે વાત્રકમાં ડેન્ટલ કોલેજ આપવાની વાત કરી હતી પરંતુ તે સ્વપ્ન પણ અધુરૂ રહ્યું છે અને મેડીકલ કોલેજ માટે થયેલા પ્રયાસો ઉપર પાણી ફરી વળતાં છેલ્લા કેટલાક સમયથી અરવલ્લીના વડા મથક મોડાસામાં સરકારી મેડીકલ કોલેજ શરૂ કરવાની તજવીજ થઈ રહી છે પરંતુ તેમાં પણ કોઈ દેખીતી પ્રગતિ જોવા મળી નથી. એકબીજાની ટાંટીયા ખેંચમાં અરવલ્લી જિલ્લો મેડીકલ કોલેજના સૌભાગ્યથી વંચિત રહી જાય તેવી પૂરી સંભાવના છે.

અરવલ્લી જિલ્લાને મેડીકલ કોલેજ ફાળવવાનો વાયદો અદ્ધરતાલ, ખંધુ રાજકારણ જવાબદાર...!
●●●
રાજ્યના અન્ય જિલ્લામાં નવી મેડીકલ કોલેજને માન્યતાઓ મળી...

લક્ઝુરિયસ ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરતો અમદાવાદનો શખ્સ ૨.૮૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયો

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૧

સાબરકાંઠા એલસીબી પોલીસે જાદર પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાંથી પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે લક્ઝુરિયસ ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરનાર અમદાવાદના શખ્સને ૨.૮૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શનિવારે સાબરકાંઠા એલસીબી પોલીસને દરમિયાન બાતમી મળી હતી કે, એક સિલ્વર કલરની ટોયોટા કંપનીની ગાડી નં- જી.જે.૦૧. એચ.પી.૩૦૮૮ વિદેશી દારૂનો જથ્થો ભરીને ઈડર થી હિંમતનગર તરફ આવે છે જે બાતમીના આધારે ઈડર - હિંમતનગર હાઈવે ઉપર હિંમતનગર પાટીયા પાસે પોલીસે વોચ ગોઠવી હતી અને ઈડર તરફના રોડ ઉપર ખાનગી

ગાડી રોડ વચ્ચે ઊભી કરી રસ્તો બ્લોક કરતા વિદેશી દારૂ ભરેલી ગાડી નો ચાલક ઊભો રહ્યો હતો જેને કોર્ડન કરી ગાડીની અંદર તપાસ હાથ ધરતા વિદેશી દારૂની બોટલ નંગ- ૧૯૨ કિં.રૂ. ૮૭૩૬૦/- મળી આવી હતી જેને પગલે એલસીબી પોલીસે ઈડર થી હિંમતનગર થઈ અમદાવાદ લઈ જવાતા વિદેશી દારૂની બોટલ નંગ- ૧૯૨ કિં.રૂ. ૮૭૩૬૦/- તથા ગાડી મળી કુલ કિં રૂ. ૨,૮૭,૩૬૦/- નો મુદ્દામાલ કબજે કરી રાજેન્દ્ર ઉર્ફે રાજુ હીરાલાલ પ્રેમજીભાઈ જોગી ઉ.વ.૩૪ હાલ રહે બ્લોક નં- ૨ ચાણક્ય એપાર્ટમેન્ટ , ગોતા , અમદાવાદ મૂળ રહે રામગઢ તાલુકો - આસપુર જિલ્લો - ડૂંગરપુર (રાજસ્થાન) ને ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલી દઈ જાદર પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઈડરથી હિંમતનગર થઈ અમદાવાદ લઈ જવાતા વિદેશી દારૂની બોટલ નંગ- ૧૯૨ કિં.રૂ. ૮૭૩૬૦/- તથા ગાડી મળી કુલ કિં રૂ. ૨,૮૭,૩૬૦/- નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો

હિંમતનગર શહેરમાં સિનિયર સિટીઝન માટે કોરોના રસીકરણ કેમ્પ

હિંમતનગર તા.૨૧

આજરોજ હિંમતનગર શહેર સંગઠન તેમજ હિંમતનગર નગરપાલિકા દ્વારા કોરોના વિરોધી રસી માટે શહેરમાં વિવિધ સ્થળોએ કેમ્પ કરવામાં આવ્યો. આ કેમ્પમાં ૬૦ વર્ષથી ઉપરના દરેક સિનિયર સિટીઝનને રસી આપવામાં આવી હતી તેમજ ગંભીર બીમારી ધરાવતા ૪૫ થી ૬૦ વર્ષની વચ્ચેના નાગરિકોને રસી આપવામાં આવી. આ કેમ્પમાં નગરપાલિકા પ્રમુખ યતિનબેન, પક્ષના નેતા ડિકુલભાઈ ગાંધી, સદસ્ય જાનકીબેન, ગોવિંદસિંહ, શહેર સંગઠનથી કેતુલભાઈ વ્યાસ, પ્રદીપસિંહ, રષેશભાઈ તેમજ કાર્યકર્તાઓએ હાજર રહી આરોગ્યની ટીમને સાથ સહકાર આપેલ.

મોડાસા-બાયડ-ખેડબ્રહ્મામાં હાઈવે ઉપર ધમધમતી મટન, ઈંડાખીમાની લારીઓ બંધ કરવા માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

મોડાસા-બાયડ અને ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં હાઈવે ઉપર ધમધમતી મટન, ઈંડાખીમાની લારીઓ બંધ કરવાની માંગ ઉઠી છે. સમી સાંજથી મોંડી રાત્રિ સુધી શેકાતા મટનના કારણે આસપાસના શાકાહારી રહીશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. કેટલીક મટન શોપ ઉપર રાત્રે દારૂની મહેફીલ પણ જામતી હોવાની ચર્ચા છે. આ બધા વચ્ચે ખેડબ્રહ્માના સેવાભાવિ ટ્રસ્ટ દ્વારા પાલિકા ચીફ ઓફીસરને આવેદનપત્ર આપી માંસમટનની દુકાનો, લારીઓ બંધ કરાવવાની માંગ કરી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોના કાળ પછી માંસાહારનું પ્રમાણ વધ્યું છે. અગાઉ બર્ડફ્લુનો રોગચાળો વકર્યો ત્યારે માંસમટનની લારીઓનાં શટર પડવાની સ્થિતિમાં હતાં પરંતુ ખાસ કરીને માંસાહારીઓ માટે માંસ આરોગ્યા વગર રહેવું મુશ્કેલ બન્યું છે. બાયડના બસ સ્ટેશન તેમજ વાત્રક રોડ ઉપર સાંજ પડે મટન અને ઈંડાખીમાની લારીઓ ધમધમે છે અને તેમાંથી નિકળતા દુર્ગંધ મારતા ધુમાડાના કારણે આસપાસની સોસાયટીઓ જેવી કે સાબરકાંઠા બેન્ક સોસાયટી, સહજાનંદ પાર્ક સોસાયટી, સત્યમનગર સોસાયટી, શરણમ સોસાયટી, દેવમૂભિ સોસાયટી તેમજ આસપાસના ધંધાદારીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. અબોલા પશુઓની હત્યા ઉપર અંકુશ મૂકવાની માંગ થઈ છે આવા સમયે ત્રણેય નગરપાલિકાઓમાં ભાજપનું શાસન છે ત્યારે સત્તાધિશોએ મટન શોપ ઉપર પ્રતિબંધ ફરમાવવો જોઈએ.

સમી સાંજથી રાત્રિ દરમ્યાન દુર્ગંધથી રહીશો પરેશાન, ખેડબ્રહ્મામાં ચીફ ઓફીસરને આવેદનપત્ર આપ્યું

એચ.આઈ.વી. પીડીતોને સારવારમાં સરળતા : સાબરકાંઠા, પાટણમાં એચ.આઈ.વી. ચેપગ્રસ્ત માટે વિહાન મોડેલ કેર સપોર્ટ સેન્ટરો શરૂ પરંતુ આંકડા જાહેર થતા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

કોરોનાના વધતા કહેરથી અન્ય રોગમાં સબડતા દર્દીઓ હોંશિયામાં ધકેલાયા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા એઈડ્સ ગ્રસ્ત દર્દીઓ માટે ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી. એઈડ્સના ઉપક્રમે વિહાન મોડેલ કેર સપોર્ટ સેન્ટરનો ૫ મહિના અગાઉ શુભારંભ થયો છે. રાજ્યના ૯ જિલ્લાને આવરી લેવામાં આવ્યા છે જેમાં ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા અને પાટણ જિલ્લાને આવરી લેવાતાં આ બે જિલ્લામાં એઈડ્સ ગ્રસ્તથી જીવતા લોકોને કાળજી અને સારસંભાળ લેવામાં આવશે. સરકારના આ પગલાંને આવકાર મળી રહ્યો છે. પરંતુ ૫ મહિના પછી પણ કેટલા ચેપગ્રસ્તોને સારવાર આપી તેના આંકડા જાહેર થતા નથી. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં એઈડ્સ ગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધી રહી છે. પરંતુ ખાનગી લેબોરેટરીના રિપોર્ટ બહાર આવતા નથી જેના કારણે આજદિન સુધી સાચો આંકડો બહાર આવ્યો નથી કારણ કે એચ.આઈ.વી.નો ચેપ લાગ્યો છે તેવી વિગતો બહાર આવે તો પરિવાર સહિત સગાઓ બદનામ થઈ જાય તેવી માનસિકતા પણ તેના માટે કારણભૂત છે. જી.એસ.એન.પી. એઈડ્સગ્રસ્ત સાથે જીવતા લોકોનું રાજ્ય કક્ષાનું સામુદાય સંગઠન છે. સંગઠનના રાજ્યના કુલ-૩૩ પૈકી ૯ જિલ્લામાં વિહાન મોડેલ કેર સપોર્ટ સેન્ટર શરૂ કરવા રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા લીલીઝંડી આપવામાં આવી હતી જે અંતર્ગત એચ.આઈ.વી.ગ્રસ્ત પીડીતોના જીવનમાંથી અંધકાર દૂધ થાય તેવા રાજ્ય સરકારના પ્રયાસો હવે રંગ લાવી રહ્યા છે. સરકાર સારી યોજનાઓ અમલમાં મૂકે છે પરંતુ સરકારી બાબુઓને તે ગમતું ન હોય તે ધીમે ધીમે તેનું અચ્યુત્તમ્ કેશવમ્ થઈ જાય છે.